| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૦૭/૦૬/૨૦૨૩ | | |
| દાખલ તારીખ : | ૦૭/૦૬/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ : | ૨૯/૦૪/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૦ | ૨૨ |

**<u>જામનગરના સ્પેશ્યલ જજ તેમજ ચોથા સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ</u>**

**સ્પેશ્યલ ઈલેકટ્રીકસીટી કેસ નં.૧૨૮/૨૦૨૩**
**આંક – ૫૬**

ફરીયાદી: શ્રી ગુજરાત સરકાર,
(જામનગર જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે સેકન્ડ ગુ.ર. નં.૨૦૩૯/૨૦૨૨)

**વિરુધ્ધ**

આરોપી : દિપકભાઈ જીવાભાઈ પીપરોતર
ઉ.વ ૩૩, ધંધો: ટ્રાન્સપોર્ટનો
રે. નવાપરા વિસ્તાર ગોવાણા ગામ, તા. લાલપુર
જિ. જામનગર.

**<u>ગુન્હો</u>**:– <u>ઈલેકટ્રીક સીટી એકટ , ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ</u>

........................................................................................

સરકાર તરફે : વિ.એ.ડી.પી.શ્રી પી.જે. પરમાર

આરોપી તરફે : વિ.વ.શ્રી સી.કે.ભટ્ટ

........................................................................................

## -:: **ચુકાદો** ::-

(૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીએ ગઇ તા. ૧૭/૬/૨૦૨૨ ના રોજ કલાક ૦૯:૦૦ વાગ્યે ગોવાણા ગામ, તા.લાલપુરમાં પોતાના રહેણાંક મકાનમાં વીજ મીટર ન હોય ઘરની નજીકથી પસાર થતી હળવા દબાણની વીજ લાઇનમાં પોલ પર પ્રાઇવેટ સર્વીસ વાયર જોડી ઘરમાં લઇ, વીજ ઉપકરણો સાથે જોડી વીજ વપરાશ કરી, રૂા ૧,૭૭,૭૪૮.૧૪ પૈસાની વીજચોરી કરી, ચેકીંગ દરમ્યાન પકડાઇ જતા, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય, તેઓ સામે જામનગર જી.યુ.વી.એન.એલ. સેકન્ડ ગુના રજી નં ૨૦૩૯/૨૦૨૨ થી ફરીયાદ નોંધવામા આવેલ.

(૨) સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા સદર ગુનાની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા સક્ષમ અદાલત સમક્ષ નં.૧૫૫/૨૦૨૩ થી ચાર્જશીટ રજુ કરવામા આવેલ હોય, સદર ચાર્જશીટ ને ફોજદારી કેસ નં. ૯૭૮/૨૦૨૩ લાલપુરના વિધ્વાન એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ દવારા આપવામાં આવેલ. ત્યારબાદ, સદર કેસ આગળની કાર્યવાહી સારૂ વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ, લાલપુરને ટ્રાન્સફર કરવામાં આવેલ.

(૩) હાલનો ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની હકુમત

હોય જેથી લાલપુરના વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ એ દવારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટ ને તા. ૦૭/૦૬/૨૦૨૩ ના હુકમથી ટ્રાન્સમીટ કરવામા આવેલ હતો અને ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ સ્પેશ્યલ ઈલેકટ્રીક કેસ નં ૧૨૮/૨૦૨૩ થી નોંધવામા આવેલ.

(૪) આરોપી સામે અત્રેની સ્પેશયલ અદાલત દવારા આંક-૦૮ થી ત્હોમતનામુ ફરમાવવા આવેલ છે અને આંક-૯ થી પ્લી નોંધતા તેમા આરોપી દવારા તેઓને ગુનો કબુલ નથી તે મુજબની રજુઆત કરતા, આરોપી સામેનો કેસ આ અદાલત દવારા આગળ ચલાવવામા આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

## મૌખિક પુરાવા:

| ક્રમ નંબર | વિગત | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | નાયબ ઇજનેર/ફરીયાદી | દીપલભાઇ રમણીકભાઇ | ૧૬ |
| ૨. | પંચ સાહેદ | કરશનભાઇ સાજણભાઇ | ૨૬ |
| ૩. | પંચ સાહેદ | પ્રવીણભાઇ વજશીભાઇ | ૨૮ |
| ૪. | નાયબ ઇજનેર | મહેશકુમાર ધીરુભાઇ | ૩૦ |
| ૫. | આસી.લાઇનમેન | અરવિંદભાઇ હંસરાજભાઇ | ૩૪ |
| ૬. | આસી.લાઇનમેન | મહેશભાઇ મેઘજીભાઇ | ૩૫ |
| ૭. | પી.એસ.આઇ | મધુબાળાકેશવગર અપારનાથી | ૩૯ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | લેખિત ફરીયાદ | ૧૭ |
| ૨ | કેલ્કયુલેશન શીટ | ૧૮ |
| ૩ | વીજચોરીનુ અસલ બીલ | ૧૯ |
| ૪ | વીજચોરીના બીલનો ફોરવર્ડીંગ પત્ર | ૨૦ |
| ૫ | કમ્પાઉન્ડીંગ બીલ | ૨૧ |
| ૬. | ફોટોગ્રાફી અંગેનુ પ્રમાણપત્ર | ૨૨ |
| ૭. | ડેલીગેશન ઓફ પાવરનો સરકયુલર | ૨૩ |
| ૮ | એફ.આઇ.આર લેઇટ અંગેનો પત્ર | ૨૪ |
| ૯ | સ્થાનિક જગ્યાનુ પંચનામુ | ૨૭ |
| ૧૦. | ચેકીંગશીટ, સ્થળ રોજકામ, એનેક્ષર-૪, ગેટ પાસ | ૩૧ થી ૩૩, ૩૬ |
| ૧૧. | આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, રેશનકાર્ડ, વેચાણ દસ્તાવેજની નકલ તથા સોગંદનામાની નકલ | ૪૦ થી ૪૪ |
| ૧૨. | એફ.આઇ.આર તથા તપાસ ડેપ્યુટનો હુકમ | ૪૫,૪૬ |
| ૧૩ | આરોપીના નામમા સુધારો વંચાણે લેવા બાબતની લાલપુર કોર્ટને કરેલ યાદી | ૪૭ |
| ૧૪ | મુદામાલ જરુર પડયે કોર્ટમા રજુ કરવા બાબતની યાદી | ૪૮ |
| ૧૫ | સી.આર.પી.સી. કલમ-૪૧(ક) ૧મુજબની નોટીસ તથા વીજચોરીની રકમ ભરપાઇ કરવા અંગેની નોટીસ | ૪૯,૫૦ |
| ૧૬ | ચેકીંગવાળી જગ્યાની સી.ડી. | ૫૧ |
| ૧૭ | કલોઝીંગ પુરસીસ | ૫૨ |

(૬) ત્યારબાદ આરોપીનુ વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે નોંધવામાં આવેલુ. જેમા તેઓએ રજુઆત કરેલ છે કે, "અમો નિર્દોષ છીએ, કોઇ વીજચોરી કરેલ નથી. અમારો વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટુ ચાર્જશીટ તૈયાર કરી રજુ કરેલ છે." ત્યારબાદ આ કામે પક્ષકારના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૭) આ કામે વિ. એ.પી.પી.શ્રી પી.જે.પરમાર દવારા મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવો રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી સી.કે.ભટ્ટ ઉપરોકત દલીલના વિરુધ્ધમા ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધેપુરાવા રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય, આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલરેકર્ડ ધ્યાને લેતાં, નીચેમુજબના મુદાના નિર્ણય કરવાના રહે છે.

:– મુદાઓ –:

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ગઇ તા. ૧૭/૬/૨૦૨૨ ના રોજ કલાક ૦૯:૦૦ વાગ્યે ગોવાણા ગામ, તા.લાલપુરમાં પોતાના રહેણાંક મકાનમાં વીજ મીટર ન હોય ઘરની નજીકથી પસાર થતી હળવા દબાણની વીજ લાઇનમાં પોલ પર પ્રાઇવેટ સર્વીસ વાયર જોડી ઘરમાં લઇ, વીજ ઉપકરણો સાથે જોડી વીજ વપરાશ કરી, ચેકીંગ દરમયાન રૂા ૧,૭૭,૭૪૮.૧૪ પૈસાની વીજચોરી કરી ચેકીંગ દરમ્યાન પકડાઇ જઇ, ઈલેકટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

**મુદા નં ૧ અને ૨ ની ચર્ચા:–**

(૯) આ કામે ફરીયાદ પક્ષે નાયબ ઈજનેર મહેશકુમાર ધીરુભાઈ પટેલ નાઓને આંક–૩૦ થી તપાસેલા છે. તેઓ પોતાની ઉલટતપાસમા જણાવેલ છે કે, ચેકીંગમા જતા પહેલા કોઈ ઉપરી અધિકારીની મંજુરી લીધેલ નથી. આ સંદર્ભમા, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ– ૧૩૫ (૨) ધ્યાને લેવામાં આવે તે માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે સદરહુ સાહેદનાઓને ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી આ કામે સદરહુ સાહેદ દવારા કરવામા આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન અધિકૃત બને છે. વધુમા સદરહુ સાહેદ સ્વીકાર કરે છે કે, મારા સ્ટાફના માણસો સ્વિાય કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમાં સ્થળ રોજકામ કરેલ નહી. આમ, આ કામે સદરહુ સાહેદે ચેકીંગ અને ઈન્સપેકશનની કાર્યવાહી કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમા કરેલ નથી જેથી ઈલકેટ્રીકસીટી એકટની કલમ–૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઈનુ પાલન થયેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમા સદર સાહેદે સ્વીકાર કરેલ છે કે, અમોએ કબજે

કરેલ મુદામાલ પોલીસને સોપેલ નથી. આ કામે તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી ના એ પણ સ્વીકાર કરેલ છે કે, મે મારી તપાસ દરમ્યાન કોઈ મુદામાલ કબજે કરેલ નથી. આમ, આ કામે બનાવમા કહેવાતો મુદામાલ વાયરનો વપરાશ થયેલ છે કે કેમ તે બાબતે પણ ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉદભવે છે.

(૧૦) અગાઉ ઉલ્લેખ થયેલ છે આ કામે આંક–૩૦ થી મહેશકુમાર ધીરુભાઇ પટેલ નાયબ ઈજનેર નાઓએ સ્વીકારેલ છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ નહી. State of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil 2023 (0) AIJEL-HC 244923 ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ દાવરા ઠરાવવામા આવેલ છે કે, જયારે વીજ કંપની દવારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામા આવે અને ચેકીંગ હાથ ધરવામા આવે, ત્યારે મીટર અને વાયરની સ્થિતિ શુ છે અને આરોપી દવારા કેવી રીતે વીજની ચોરી કરવામા આવેલી તે અંગેની સ્પષ્ટતા થવા પંચનામુ થવુ જરુરી છે. આ કામે જે પંચનામુ થયેલુ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર અને વાયરનુ કોઈ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદ પક્ષના કેસમા શંકા ઉદભવે છે.

(૧૧) વધુમા, સદર સાહેદ સ્વીકાર કરે છે કે, અમોએ ચેકીંગવાળા સ્થળેથી આરોપીની જગ્યાની કોઈ માલિકી બાબતેના રેવન્યુ રેકર્ડ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદી દિપકભાઇ રમણીકભાઇ

પરમાર નાઓએ પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલિકી સંબધે કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. આ કામે સાહેદ મહેશકુમાર ધીરુભાઈ પટેલ, અરવિંદભાઈ હંસરાજભાઈ નકુમ તથા મહેશભાઈ મેઘજીભાઈ પરમાર નાઓ પોતાની જુબાનીમાં બનાવવાળી જગ્યા લાલપુર સબ ડીવીઝન હેઠળ આવતા વિસ્તાર ગોવાણા ગામ ખાતે આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામના ફરીયાદ પક્ષના ચેકીંગ ટીમના સાહેદે બનાવવાળી જગ્યાનુ કોઈ વિગતવારનુ સરનામુ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. વધુમા,આ સંર્દભમા તપાસ કરનાર અમલદાર નાઓએ આંક-૪૦ થી આંક-૪૪ સુધી અનુક્રમે આરોપીના આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ, રાશનકાર્ડ તથા વેચાણ દસ્તાવેજની નકલ રજુ રાખેલ છે. જેના આધારે ફરીયાદ પક્ષ બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામાં છે તે પુરવાર કરવા પ્રયાસ કરેલ છે. સદર દસ્તાવજો વંચાણે લેતાં, આંક-૪૦ થી આરોપીનુ આધાર કાર્ડમાં કોઈ સરનામુ વંચાતુ નથી. આંક-૪૧ ના ચુંટણીકાર્ડમાં આરોપીનુ સરનામુ ૧૯૧, અમરદળ ગામતળ અમરદળ, તા. રાણાવાવ, જિ. પોરબંદર લખેલુ છે જે મુજબનુ સરનામુ ફરીયાદ પક્ષના કોઈપણ સાહેદે પોતાની જુબાનીમા જણાવેલ નથી. આંક-૪૨ ના રાશનકાર્ડમાં આરોપીનુ સરનામુ ગોવાણા ગામ, તા. લાલપુર જી. જામનગર લખેલુ છે જે સરનામુ અધુરુ જણાય છે. વધુમા, આંક-૪૩ થી વેચાણ દસ્તાવેજમાં આરોપીનુ સરનામુ ગોવાણા, તા.લાલપુર જી. જામનગર લખેલુ છે અને તે વેચાણ દસ્તાવેજ ખુલ્લા પ્લોટ નં. ૩૧/૪૪, ગોવાણા ગામ, તા.લાલપુર અંગેનુ છે પંરતુ આ કામના

ફરીયાદ પક્ષના ચેકીંગ ટીમના સાહેદે સદર પ્લોટમા બનાવવાળી જગ્યા આવેલ હોય, તેવુ કોઇ વિગતવારનુ સરનામુ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. આમ, ફરીયાદ પક્ષને આ દસ્તાવેજથી પણ કોઇ મદદ મળી શકે તેમ નથી. વધુમાં, આંક-૪૪ થી આરોપીનુ સોગંદનામુ રજુ છે જે પુરાવામા ગ્રાહય રાખી શકાય નહી. આ કામે ફરીયાદ પક્ષે કોઇ સ્વતંત્ર સાહેદને તપાસેલા નથી. આ રીતે બનાવવાળી જગ્યા આરોપીના સતત કબજા ભોગવટામા હતી તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષ રજુ રાખવા સફળ થયેલ નથી. વધુમાં, આ કામે કહેવાતો બનાવ તા. ૧૭-૦૬-૨૦૨૨ ના રોજ બનેલ છે જયારે બનાવવાળી જગ્યાનુ પંચનામુ તા. ૧૫-૦૪-૨૦૨૩ ના રોજ થયેલ છે. તે રીતે કહેવાતો બનાવ તા. ૧૭-૦૬-૨૦૨૨ ના રોજ બનેલ છે જયારે આ કામે ચાૃર્જશીટ ૨૦૨૩ મા કરવામાં આવેલ છે જે અંગે ફરીયાદ પક્ષે સદરહુ કામે ચાર્જશીટ કરવામાં વિલંબના કોઇ કારણો જણાવેલ નથી. વધુમાં, બનાવવાળી જગ્યાનુ પંચનામુ ચેકીંગ અધિકારી કે સ્ટાફની હાજરીમાં થયેલ હોય તેમ જણાતુ નથી અને આ કામના બંને પંચ સાહેદો, કરશનભાઇ સાજણભાઇ તથા પ્રવિણભાઇ વજનશીભાઇ નાઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની હાજરીમાં થયેલ છે તેવો કોઇ પુરાવો આપેલ નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ નથી કે બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામાં હતી.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવા સફળ થયેલ ન હોય મુદા નં ૧

નો જવાબ નકારમા આપી, મુદા નં ૨ ના જવાબમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી દિપકભાઈ જીવાભાઈ પીપરોતર રે. નવાપરા વિસ્તાર, ગોવાણા ગામ, તા.લાલપુર, જી. જામનગરનાઓને ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭-એ મુજબના રૂા. ૧૦,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા છ માસના રજુ કરવા.

આ હુકમ આજરોજ તા. ૨૯મી ,એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર. (શામનાથ ચંદ્રમોહન વેમુલા)

તા. ૨૯/૦૪/૨૦૨૬ સ્પેશ્યલ જજ અને ચોથા સેશન્સ જજ,

ટી.એ.દવે **જામનગર, કોડ નં. જી.જે.૦૦૮૧૮**